અંજલિ

સૌની સુખાકારીમાં સમર્પિત



New medicine & cashier windows / નવી દવા અને કેશ બારી



Out Reach Eye Camp / આઉટ રીચ આંખ નો કેમ્પ



Out Reach Eye Camp / આઉટ રીચ આંખ નો કેમ્પ




Tree Plantation / વૃક્ષારોપણ કાર્યક્રમ

# ANJALI

## વાર્ષિક અહેવાલ ૨૦૧૬-૨૦૧૭

## Annual Report 2016-2017




**અમદાવાદ તથા વડોદરાથી રણાસણ પહોચવા માટે :**

સરદાર પટેલ રીંગ રોડથી નીચે પ્રમાણે આવી શકાય:

૧) સરદાર પટેલ રીંગ રોડ ઉપરથી દહેગામ સર્કલ થી દહેગામ - રખિયાલ તથા હરસોલ થઈને

૨) નેશનલ હાઇવે ઉપરથી (a) ચિલોડા - મજરા - તલોદ - હરસોલ થઈને **અથવા** (b) નેશનલ હાઇવે ઉપરથી ચિલોડા - પ્રાંતિજ - હિંમતનગર (મોતીપુરા બસ સ્ટેન્ડ) - સહકારી જીન ચાર રસ્તા - રણાસણ

૩) ગાંધીનગરથી ચિલોડા - મજરા - તલોદ - હરસોલ થઈને **અથવા** નેશનલ હાઇવે ઉપરથી ચિલોડા - પ્રાંતિજ - હિંમતનગર (મોતીપુરા બસ સ્ટેન્ડ) - સહકારી જીન ચાર રસ્તા - રણાસણ

સંપર્ક : **૯૪૨૮૫૧૩૪૩૭** રસ્તા અંગેની વધારે સમજણ માટે

# અંજલિ

## સોસાયટી ફોર રૂરલ હેલ્થ
## એન્ડ ડેવલપમેન્ટ

## વાર્ષિક અહેવાલ
## ૨૦૧૬-૨૦૧૭

અંજલિ: પો: રણાસણ, તાલુકો: તલોદ-૩૮૩૩૦૫ જી: સાબરકાંઠા ગુજરાત.

ANJALI : Po: Ranasan, Ta. Talod-383305, Dist: Sabarkantha, Gujarat
Phone : (02770) 282034, 282135
Mobile: 9426413192, 9925747740
e-mail : anjalisrhd@yahoo.com, web: www.anjaliruralhealth.org.in

# મુખ્ય પ્રવૃત્તિઓ

## ૧. આરોગ્ય

૧. પ્રાથમિક સારવાર
૨. જેનેરિક અને રાહત દરે દવાઓ
૩. રાહત દરે લેબોરેટરી, એક્સ-રે તથા સગર્ભા માતા માટે સોનોગ્રાફી તપાસ
૪. રાહત દરે માતા અને બાળસંભાળ (૨૪ x ૭ સુવાવડની સુવિધા)
૫. તાત્કાલિક ઈમરજન્સી સેવાઓ
૬. આંખની સંભાળ, જરૂરિયાતમંદ માટે નિ:શુલ્ક મોતિયાના ઓપરેશન
૭. જરૂરિયાતમંદ લોકો માટે ક્રોનિક ડીસીઝ સેન્ટરમાં રાહતદરે લેબોરેટરી, દવાઓ તથા દાખલ કરીને સારવારની સુવિધા
૮. ૨૪ x ૭ રાહત દરે / નિ:શુલ્ક એમ્બ્યુલન્સની સુવિધા
૯. સર્જીકલ, ગાયનેક, આંખના ઓપરેશનની સુવિધા

## ૨. લોક સમૂહ આધારિત વિકાસ કાર્યક્રમ (સી.બી.ડી.એ.)

૧. બચત મંડળ થકી ગામડાઓની બહેનો માટેનો સશક્તિકરણ કાર્યક્રમ
૨. કિશોરીઓ માટેનો કાર્યક્રમ
૩. લોક સમૂહ આધારિત ઊંડાણના ગામડાઓમાં આંખના મોતિયાના ઓપરેશન કેમ્પ તથા સર્જીકલ ઓપરેશન કેમ્પ

## ૩. પર્યાવરણ સમૃદ્ધિ કાર્યક્રમ

૧. વૃક્ષારોપણ (વનીકરણ)
૨. વરસાદી પાણીનો સંગ્રહ કરવાના પ્રયત્નો

સ્નેહી શ્રી,

અંજલિનો વર્ષે ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ આપની સમક્ષ મુકતા આનંદની લાગણી અનુભવી રહી છું.

આ વર્ષ હોસ્પિટલમાં ચાલતા વિભાગીય ફેરફારોથી અને દર્દીઓથી હોસ્પિટલ ધમધમતું રહ્યું. દર્દીઓને તથા સગાઓને, થતા બાંધકામના ફેરફારથી અગવડતા પડી હતી. પરંતુ ભવિષ્યની સરળતા માટે આજની અગવડતા સહન કયેજ છુટકો. આરોગ્યમાં રોજીંદુ કામ ચાલતું રહ્યું. આંખના કામમાં મોતિયાના કેમ્પ કરવાના બંધ કર્યા હતા તે ચાલુ કર્યા. નજીકના ૨૫-૩૦ ગામોને આવરી લેતા સેન્ટર નક્કી કર્યા. હજી લોકો કેમ્પની રાહ જોઇને બેસી રહે છે એવું લાગ્યું. આદિવાસી વિસ્તારની સાથે રણાસણની આજુબાજુના વિસ્તારમાં કેમ્પ સફળ રહ્યા અને આગામી વર્ષ માટે પણ આયોજન થઇ રહ્યું છે. સાથે સાથે માતા અને બાળકોના આરોગ્યનું કામ, મેડીકલ વર્ક સુપેરે ચાલી રહ્યું છે. જરૂરિયાત ઘણી છે પણ સ્કીલ્ડ માનવ સંસાધનની અછત વર્તાઇ રહી છે.

આજકાલ બીન ચેપી રોગો (non communicable disease) અંગે જાગૃતિ અને સભાનતા હોવી જરૂરી બની છે. અંજલિ હોસ્પિટલમાં ઘણા વર્ષોથી ક્રોનિક ડીસીઝ સેન્ટર (CDC) ચાલે છે. પરંતુ હજી આપણે ટી.બી. અને મેલેરિયા જેવા ચેપી રોગો પર કાબુ મેળવી શક્યા નથી અને ડેન્ગ્યું, સ્વાઇન ફ્લુ જેવા વાયરલ ચેપી રોગો વધી રહ્યા છે. એક તબક્કે એવું લાગતું હતું કે ચેપી રોગોનો ફેલાવો ઓછો થયો છે પરંતુ વધતા ચેપી રોગોને નાથવું ભારે લાગે છે. જેમ જેમ સમય બદલાય છે એમ એમ રોગોનું સ્વરૂપ અને સારવાર બદલાઈ રહી છે. આરોગ્યનું કામ  કદી પૂરું ન થાય એવુ છે.

આરોગ્યની સવલતો વધી છે પણ સાથે સાથે મોઘી પણ થઇ છે એટલે અંજલિ જેવા આરોગ્ય કેન્દ્રોની માંગ સતત વધતી જ રહેશે એવું લાગી રહ્યુ છે.

મેડીકલના સાધનો સમયની જરૂરિયાત પ્રમાણે બદલવા તથા અપગ્રેડ કરતા રહેવું એ સમયની માંગ થઇ ગઈ છે અને કરતા રહીએ છીએ. તેમાં સહયોગ રાશિની ઘણી  મોટી જરૂર પડે છે.

બહેનોની પ્રવૃત્તિ સરસ રીતે ચાલી રહી છે અને આઠ ગામમાં કિશોરીઓ સાથે પ્રવૃત્ત છીએ. કિશોરી – કિશોરના બદલાયેલા માનસિક વલણો ખાસ તો આત્મહત્યાના પ્રયાસો ચિંતાનો વિષય બની રહ્યો છે.

કુદરતી સંસાધનોમાં વધારો કરવાના સંનિષ્ઠ પ્રયત્નો ચાલુ જ છે.

અંજલિની દરેક પ્રવૃત્તિઓ આપના સાથ સહકાર અને સહયોગથી શક્ય બની છે. આગામી વર્ષોમાં પણ આવો જ સાથ, સહકાર, માર્ગદર્શન અને હુંફ મળતા રહેશે એવી આશા અને અપેક્ષા છે.

સમયની અનુકુળતાએ અંજલિની પ્રવૃત્તિઓ નિહાળવા જરૂરથી આવશો.

અંજલિ વતી આપનો આભાર માનું છું.

શુભેચ્છા સહ

અનિતા શાહ
મેનેજીગ ટ્રસ્ટી

# અંજલિ વિષે



અંજલિ સંસ્થાની સ્થાપના વર્ષ ૧૯૮૮ માં થઈ હતી. સંસ્થાની પ્રવૃત્તિઓનો પ્રારંભ ૨૯ જાન્યુઆરી ૧૯૮૯ થી થયો. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ સંસ્થાના સ્થાપકો પ્રાપ્ત કાબેલીયત અને આવડત ગામડાઓના ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે કામે લગાડવાના ધ્યેય સાથે અંજલિ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.

અંજલિ, રણાસણ ગામમાં સ્થિત સ્વૈચ્છિક સંસ્થા છે. રણાસણ ગામ ૫૦૦૦ની વસ્તી ધરાવતું ગામ છે જે ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકામાં આવેલું છે.

તકવંચીત અને જરૂરિયાતમંદ લોકોને લક્ષિતજુથ બનાવી સંસ્થાની શરૂઆત આરોગ્યની પ્રવૃત્તિઓથી થઈ અને તબક્કાવાર આરોગ્યની પ્રવૃત્તિઓનો વિકાસ થયો અને અન્ય પ્રવૃત્તિઓ ઉમેરાતી ગઈ.

હાલ લગભગ ૭૫ પથારીની અંજલિ હોસ્પિટલ, ઉંડાણના ૪૯ ગામોમાં બહેનો માટેનો કાર્યક્રમ (મુખ્યત્વે બચત મંડળ આધારિત અને પર્યાવરણ સમૃધ્ધિ) ની પ્રવૃત્તિઓમાં અંજલિ સક્રિય રીતે કાર્યરત છે. બાળકો, યુવાનો તથા ગાંમડાઓના વિકાસલક્ષી કાર્યક્રમોમાં સંસ્થા રૂચી ધરાવે છે. સંસ્થાની પ્રવૃત્તિઓ, સંસ્થાકીય અને વ્યક્તિગત દાન ઉપર નભે છે.

વિસ્તાર રેતાળ અને પથરાળ છે. વાતાવરણ સુકું અને હવામાન ગરમ (૮-૯ મહિના) અને ઠંડું (૩ મહિના). વરસાદ અનિયમિત અને ભરોસાપાત્ર નથી. બે નદી છે જે વરસાદની ૠતુમાં વહેતી હોય છે. ખુબ ઓછા તળાવો છે જેમાંથી થોડામાંજ બારે માસ પાણી રહે છે. લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. વિસ્તારમાં થોડા ઉદ્યોગો છે. ભણતરનું પ્રમાણ ઓછું છે. મુખ્ય લોક સમુદાયો આર્થિક અને સામાજીક રીતે ઓછા વિકસીત છે.

ઠાકોર સમાજ, દલીત સમાજ, રાવળ, વાઘરી, વણજારા, વાદી, પગી રબારી સમાજના લોકો આ વિસ્તારની બહુમતી પ્રજા છે આ પ્રજા નાની જમીન ધરાવે છે અને મોટા ભાગે ખેત મજુરનું અથવા છૂટક મજુરીનું કામ કરે છે અને અન્ય આવકના સ્રોત માટે પશુપાલનનો વ્યવસાય પણ કરે છે. આ જૂથ ઉપરાંત સ્થળાંતર કરેલા આદિવાસી ખેત તથા અન્ય મજૂરો અને આર્થિક રીતે નબળા લોકો અંજલિની પ્રવૃત્તિઓના લાભાર્થી જૂથો છે.

## Vision and Mission Statement

### Vision

Promotion of health & all round development of rural population without any distinction of caste, colour or creed

### Mission

1. Activities promoting community health & primary health care.
2. Rational- ethical & subsidised rural hospital services.
3. Empowering education to women, children, youth and over all development of rural population & rural areas.
4. Environment enrichment by tree plantation, rain water harvesting & use of renewable energy.
5. Activities conducive to & fostering moral and ethical values.

૧ **આરોગ્ય** :

અંજલિ હોસ્પિટલની આંકડાકીય માહિતી નીચે પ્રમાણે છે.

| વિગત | ૨૦૧૬-૧૭ |
|---|---|
| ઓપીડી દર્દીઓ | ૭૫૯૩૫ |
| નવા દર્દીઓ | ૨૭૮૮૮ |
| જુના દર્દીઓ | ૪૮૦૪૭ |
| રોજના સરેરાસ દર્દીઓ | ૨૫૧ |
| ઓપીડીમાં નબળા આર્થિક વર્ગના દર્દીઓ | ૮૫.૦૯% |
| દાખલ દર્દીઓ | ૪૪૫૯ |
| દાખલ દર્દીઓમાં નબળા આર્થિક વર્ગના દર્દીઓ | ૯૧.૪૧% |
| ટીબીના નવા દર્દીઓ / ડોટ્સ માં ટ્રાન્સફર | ૪૭૧ / ૪૭૧ |
| ડીલીવરી (સુવાવડ) | ૬૦૫ |
| રસી | ૧૮૬૪ |
| લેબોરેટરી | ૭૨૧૨૩ |
| એક્સ – રે | ૩૯૫૨ |
| ઓપરેશન કુલ<br>આંખના<br>અન્ય | ૨૨૩૫<br>૧૪૮૦<br>૭૫૫ |
| એએનસી મુલાકાત (સગર્ભા બેનોની તપાસ) | ૪૭૪૭ |
| એમબ્યુંલન્સ વિઝીટ | ૭૫૪ |
| જમવાનું દર્દી (ડીશ) | ૧૪૧૦૧ |
| નાસ્તો અને દૂધ (સવાર–સાંજ) | ૯૭૯૪ |

| વિગત | ઓપીડી | ઓપરેશન |
|---|---|---|
| આંખના કેમ્પ અરવલ્લી જીલ્લો<br>ધનસુરા, મોડાસા, મેઘરજ તાલુકામાં | ૬૧૬ | ૧૩૪ |
| આંખના કેમ્પ સાબરકાંઠા જીલ્લો<br>હિંમતનગર, પોશીના, તલોદ, વિજયનગર | ૧૯૧૯ | ૩૫૬ |
| સર્જીકલ કેમ્પ (પોશીના/કસાણા) | ૨૩૬ | ૭૧ |
| સર્જીકલ કેમ્પ (રણાસણ) | ૨૦૮ | ૧૦૭ |
| **કુલ** | **૨૯૭૯** | **૬૬૮** |

અંજલિના કેમ્પસમાં છેલ્લા દોઢ વર્ષથી નવી સુવિધાઓ ઉમેરવાનું, બાંધકામમાં ફેરફારો કરવાનું (renovation) કામકાજ ચાલી રહ્યું છે. હવે લગભગ પુરુ થયું છે. ૨જી એપ્રિલ રવિવારે આદરણીય જ્ઞાનમયાપ્રાણા માતાજીના વરદ હસ્તે ઉદઘાટન સંપન્ન થયું. ઓપીડી વિભાગના દવાવિભાગ પાસે લાંબી લાઈનો લાગતી હતી અને દર્દી, દર્દીના સગા, મુલાકાતીઓની આવન જાવન ને લીધે ખૂબ ગીચ ગીચ લાગતું હતું તેમાં હળવાશ અનુભવાઈ છે. આ ઉપરાત કેન્ટીન ની આજુબાજુની જગ્યા, સવારે દાતણ કરવાની તથા વાસણ ધોવા માટેની ચોકડી, ચોકીદાર માટે નવી કેબીન વિગેરે ફેરફાર કર્યા. કેમ્પસની બહારની તરફ રાહદારીઓ માટે વધારે કેપેસીટીવાળું વોટર પ્યોરીફાયર લગાવીને વોટર કુલર ચાલુ કર્યું. જેનો લાભ સૌ રાહદારીઓ લઈ રહ્યા છે.

આપણે આંખની કામગીરી ૧૯૯૫માં કેમ્પથી કરી. ત્યારથી શરૂ કરી આજસુધી આંખનું કામ સરસ રીતે ચાલી રહ્યું છે. પૂર્ણ સમય આંખ વિભાગ ચાલતો હતો એટલે મોટા કેમ્પો કરવાનું બંધ કર્યું. મોટા કેમ્પોમાં આયોજન, સમય અને શક્તિની સાથે માણસો પણ વધુ જોઈએ એટલે મોતીયાના કેમ્પ બંધ કર્યા. છેલ્લા ૪-૫ વર્ષથી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના અંતરીયાળ આદિવાસી વિસ્તારમાં આંખના મોતિયાના કેમ્પ શરૂ કર્યા. દર્દીઓને અંજલિ હોસ્પીટલમાં લાવી, ઓપરેશન કરી મુકી આવીએ. દોઢ મહિના સુધી ફોલોઅપ કરી જેને ચશ્માની જરૂર હોય તેઓને ચશ્મા આપીને કેમ્પ પૂરો કરીએ. આ વર્ષે આદીવાસી ઉપરાંત આપણી આજુબાજુના મુખ્ય ગામોમાં જેવા કે ધનસુરા, ગાંભોઇ, નિકોડા, ધામણીય જેવા નાના સેન્ટરમાં કેમ્પ કર્યા અને સફળતા મળી. હજી ઘણા જરૂરીયાતમંદ ગ્રામજનો કેમ્પની રાહ જોઈને આંખની તપાસ કરાવતા નથી એવું લાગ્યું અને હવે નીયમીત આંખના કેમ્પ આજુબાજુના સેન્ટરમાં કરવા એવું આયોજન કર્યું છે.

અમદાવાદના શુભેચ્છકોનું ગ્રુપ છે, જેઓ પોતાના ગ્રુપનું નામ જાહેર કર્યા વગર છેલ્લા બે-ત્રણ વર્ષથી અંજલિને સહયોગ આપતા રહે છે. આ ગ્રુપ દ્વારા અંજલિને આંખના વિભાગમાં મદદ કરવાની ઇચ્છા વ્યક્ત કરી. બે-ચાર વર્ષ પહેલા આંખ વિભાગમાં ફેકો મશીન લાવવાનું વિચારતા હતા ત્યારે આંખના નિષ્ણાત ડોક્ટરો સાથે ચર્ચા કર્યા પછી લાગ્યું કે અંજલિમાં જે પદ્ધતિથી આંખના મોતિયાના ઓપરેશન થાય છે (ટાંકા વગરના) એમાં અને ફેકો મશીન ધ્વારા થતાં મોતિયાના ઓપરેશનની ગુણવત્તામાં જાજો ફેર પડતો નથી. ફેકો મશીનથી થતા ઓપરેશનનો ખર્ચ પણ વધારે થાય અને સમય પણ વધુ લાગે.

પરંતુ હવે આંખના નિષ્ણાત ડોક્ટરને લાગે છે કે અમુક કેસમાં ફેકો મશીનથી આંખના મોતિયાનું ઓપરેશન થાય તો સારુ એટલે **અમદાવાદના શુભેચ્છકો દ્વારા** ફેકો મશીન અને અન્ય સાધનો આપવાનું નક્કી થયું જે અમે સહર્ષ સ્વીકારીએ છીએ. આંખના કેમ્પ કર્યા બાદ મોતિયાના ઓપરેશન માટે અંજલિ હોસ્પિટલમાં ટેમ્પામાં દર્દીઓ અને દર્દીના સગાને લાવતા હતા. અંજલિના શુભેચ્છક અને **દાતા શ્રીમતી વિમળાબેન જયંતિલાલ શાહ (સ્વ. સોમચંદ પુનમચંદ શાહ રણાસણના સુપુત્રી) ના પરીવારે** અંજલિને બસ માટે સહયોગ આપવાનું નક્કી કર્યું. જેનો અમે આ વિસ્તારના ગ્રામજનો વતી સ્વીકાર્યું અને આભાર વ્યક્ત કરીએ છીએ. ફેકો મશીન તથા બસ આગામી વર્ષમાં આવશે.

અંજલિ હોસ્પીટલમાં ૮-૧૦ વર્ષથી બીનચેપી રોગો, જેમાં લાબાંગાળા સુધી, જીવનભર સારવાર લેવાની છે તેવા રોગો માટે ક્રોનીક ડીસીઝ સેન્ટર ચાલે છે જેમાં ડાયાબિટીસ, દમ, બીપી, ખેંચ, થાઈરોઈડ વિગેરે રોગોની સારવાર, લેબ તપાસ, ઇન્ડોર સારવાર, દવાઓ વિગેરે રાહત દરે આપવામાં આવે છે. જેથી દર્દીઓની દવા લેવાની નિયમિતતા વધી. અંજલિની શરૂઆતથી ૧૯૮૯થી ટીબી કેન્દ્ર ચાલી રહ્યું છે. હવે resistance case વધી રહ્યા છે. જેમાં કોઈ દવા કામ ન કરે અને જે દવા વપરાય છે તે વધારે જોખમી અને મોંઘી છે. સરકાર આમાં સઘન રીતે કામ કરી રહી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આની ઉપર ખૂબ ભાર છે. સરકાર સાથે જોડાઈને ટીબી નિદાન કેન્દ્ર તરીકે કામ કરી રહ્યા છીએ. એવી જ રીતે માતા અને બાળકોના આરોગ્યમાં પણ ગુજરાત સરકાર અને જ્વેલેક્ષ ઇન્ડિયા પ્રા. લી., મુંબઈ ની સાથે રહીને કામ કરી રહ્યા છીએ.

આંખના કેમ્પની સાથે સાથે ખૂબ ભાવનાશીલ અને નિસ્પૃહી ૩-૪ સર્જન અને ૨-૩ એનેસ્થેટિસ્ટની મદદથી જનરલ સર્જીકલ કેમ્પ કરીએ છીએ.

૨ **બહેનોની પ્રવૃતિ** :

છેલ્લા ૧૩ વર્ષથી બચત મંડળના નેજા હેઠળ બહેનોની પ્રવૃતિ સરસ ચાલી રહી છે. દર મહિને માસિક મિટીંગમાં અંજલિના કાર્યકર જાય. છેલ્લા આઠ વર્ષથી વર્ષમાં એક વખત દરેક મંડળની સભ્યબહેનો અંજલિમાં આવે. અગિયાર મહિના ગામમાં મીટીંગ થાય અને એક મીટીંગ અંજલિમાં થાય. તબક્કાવાર બધા મંડળના બેનો આવે, બેનોને ઉપયોગી માહિતી મળે એ પ્રમાણે વિષય પસંદ કરીને રોલ પ્લે દ્વારા, નાની વિડીયો દ્વારા, પ્રેજન્ટેશન દ્વારા, પ્રશ્નોત્તરી અને અનુભવની આપ લે, જુથચર્ચા દ્વારા માહિતી આપીએ છીએ. ૪૦ થી ૫૦ વર્ષની ઉંમર દરમ્યાન બેનોનું માસીકધર્મ બંધ થતું હોય છે. આ સમય ગાળામાં શરીરમાં હાર્મોન્સને લીધે શારીરિક, માનસિક, ભાવાત્મક ફેરફારો અને તકલીફો બેનોને પડતી હોય છે.

સભ્યબહેનોમાં સાસુ અને વહુઓ એટલે કે ૨૫ થી ૬૪ વર્ષની ઉંમરની સભ્યબહેનો છે. એટલે દીકરાની વહુઓ પણ સાસુની મુંજવણ , તકલીફ , વર્તન વીગેરે સમજી શકે એવી રીતે બધાને સામેલ કર્યા. બહેનોમાં (ભાઈઓમાં પણ) ૪૦ વર્ષ પછી નજીકની વસ્તુ ઝાંખી દેખાય – બેતાલાના નંબર આવે તે કુદરતી છે. બહેનો પાસેથી આ અંગે આવુ કેમ થાય તેની, પ્રશ્નોત્તરી દ્વારા તેમની સમજ જાણી. એમની ગેરસમજ દુર કરી. નજીકનું ઝાંખું દેખાય તો તેનો ઉપાય “ચશ્મા” છે એવી ખબર દરેક બેનોને હતી. પણ કેમ વાપરતા નથી, પોતાના માટે લીધા નથી તો જવાબ મળ્યા બહેનોને શરમ આવે, બેદરકારી, ચાલશે, ગામમાં ઘરમા બધા ચીડવે વિગેરે જેવા જવાબો મળ્યા. બેનોની આંખના નંબરની તપાસ અંજલિ હોસ્પિટલના આંખ વિભાગમાં કરી. જેમને નજીકના સાદા નંબર હતા તેઓ રાહત દરે ચશ્મા ખરીદી શકે એવી સગવડ કરી અને બહેનોને ખાસ પોતાની કાળજી લેવા માટે તાકીદ કરી. બહેનો ચશ્માનો ઉપયોગ કરે છે. આ તપાસ દરમ્યાન જે બહેનોને કોમ્પ્લેક્સ નંબર હતા, મોતિયો હતો તેઓને યોગ્ય સલાહ સુચન આપવામાં આવી. સાથે સાથે શાકભાજીનું બિયારણ પણ આપ્યુ.

૮મી માર્ચની ઉજવણી આ વર્ષે બહેનોએ પોતાના ગામમાં રેલી કાઢીને કરી. ગામની શાળાના શિક્ષકો અને બાળકોએ પણ ભાગ લીધો. આંગણવાડી કાર્યકરો અને આશા કાર્યકરોએ પણ ઉત્સાહથી ભાગ લીધો. આઠ ગામમાં કિશોરી મંડળ થકી કિશોરીઓ સાથે વિવિધ પ્રવૃતિ થાય છે. મહિનામાં એક વખત ગામમાં જઇએ અને આરોગ્યની જાણકારી સાથે તેઓની ગમતી પ્રવૃતિઓ કરીએ. અંજલિમાં શિબિરનું આયોજન કર્યું અને બધાએ રંગોળી બનાવી, રમત રમ્યા, મજા કરી. આ વર્ષે એક ગામની એક કિશોરીએ આપઘાત કર્યો હતો. આ કિશોરી આપણી સાથે જોડાયેલી હતી. પ્રેમ પ્રકરણ જ હતું. અંજલિમાં કીશોરીઓ સાથે આ અંગે જૂથચર્ચા, વાર્તાઓ દ્વારા જીવનનું મહત્વ, શારીરિક તકલીફ અને માનસિક તકલીફો, સલામત વાણી અને વર્તન, માનસિક વલણ અને તેની અસર વિષે છણાવટ કરી અને આવું અંતિમ પગલુ કોઈ દિવસ નહીં ભરવા અને સમસ્યાથી મુંઝાયા વગર વિશ્વસનીય સંબંધી, મિત્ર સાથે વાતચીત કરવી એમ સમજાવ્યું.

| ક્રમ | વિગત | શરૂઆત- ૨૦૦૩ થી માર્ચ - ૨૦૧૬ સુધી | ૨૦૧૬ થી ૨૦૧૭ | કુલ |
|---|---|---|---|---|
| 1 | ગામની સંખ્યા | ૪૮ | -- | ૪૮ |
| 2 | કુલ બચત મંડળ/<br>નવા બચત મંડળ બન્યા<br>બચત મંડળ બંધ થયા | ૧૩૨ | <br>૩<br>૨ | ૧૩૩ |
| 3 | મંડળના સભ્ય બેનોની સંખ્યા<br>બેનો છુટા થયા (-) નવા બેનો જોડાયા (+) | ૧૭૫૮ | (-૯૩) (+૧૯) | ૧૬૮૪ |
| 4 | ધિરાણ લેનાર બેનોની સંખ્યા | ૪૭૦૬ | ૩૩૦ | ૫૦૩૬ |
| 5 | ધિરાણ ચૂકતે કરેલ બેનો | ૩૩૩૩ | ૨૭૧ | ૩૬૦૪ |
| 6 | ધિરાણની પુનઃ ચુકવણી ચાલુ હોય એવા બેનો | ૧૩૭૩ | | ૧૪૩૨ |

| ક્રમ | ધિરાણના કારણો | શરૂઆત - ૨૦૦૩ થી માર્ચ - ૨૦૧૬ સુધી | ૨૦૧૬- થી ૨૦૧૭ | કુલ | ટકા % |
|---|---|---|---|---|---|
| 1 | આર્થિક | ૧૯૫૬ | ૧૩૨ | ૨૦૮૮ | ૪૨% |
| 2 | મિલકત | ૬૯૯ | ૬૭ | ૭૬૬ | ૧૫% |
| 3 | અન્ય જરૂરિયાત | ૧૦૬૪ | ૩૯ | ૧૧૦૩ | ૨૨% |
| 4 | સામાજીક | ૯૮૭ | ૯૨ | ૧૦૭૯ | ૨૧% |
| | **કુલ** | **૪૭૦૬** | **૩૩૦** | **૫૦૩૬** | **૧૦૦%** |

૩ **પર્યાવરણ પ્રવૃત્તિ :**

આ વર્ષે રાયણના તળાવની આજુબાજુ પડતર જમીનમાં ૧૫૦૦ નવા વૃક્ષોના રોપા વાવ્યા અને જેનો વિકાસ થતો ન હતો તેવા ૨૫૦ રોપા બદલ્યા. કાળજી અને માવજત ચાલુ જ છે. અત્યાર સુધી કુલ ૪૫૦૦ વૃક્ષોનું વાવેતર કરેલ છે.

૪ **સ્ટાફ પ્રવૃત્તિ :**

વર્ષ દરમ્યાન અંજલિનો બધો સ્ટાફ મળીને ધાર્મિક તથા રાષ્ટ્રીય તહેવારની ઉજવણી કરી. વિવિધ સંસ્થા ધ્વારા આયોજીત કાર્યશીબીર, મીટીંગ અને સેમીનારમાં ભાગ લઇ પોતાની આવડત અને સમજમાં વધારો કર્યો.

ઘણા વર્ષોથી અંજલિ કર્મચારી વિવિધલક્ષી મંડળી ચાલે છે. એમાં ઘણા સ્ટાફ મિત્રો સભ્યો બનેલા છે. તેના થકી બચત થાય અને જરૂરિયાતના સમયે ધિરાણ લે છે.

રણાસણથી લગભગ ૧૨૫ કીલોમીટર દુર પોશીના વિસ્તારમાં દર વર્ષે આંખના અને સર્જીકલ ઓપરેશન કેમ્પનું આયોજન અંજલિ ધ્વારા કરવામાં આવે છે.

ઓપરેશન માટે દર્દીઓને અંજલિ હોસ્પિટલમાં લાવવામાં આવે એટલે ત્યાંના લોકો વર્ષ દરમ્યાન જાતે સારવાર કરાવવા કોઈ કોઈ વખત આવી જાય.

પોશીના વિસ્તારની અજાવાસ ગામની ૧૪ વર્ષની કુમરીબેન  તેવી જ રીતે સારવાર માટે આવ્યા. તેઓને તેમના સગા સંબંધીઓ બે હાથે દોરીને અંજલિ હૉસ્પિટલમાં લાવ્યા. હાજર મેડીકલ ઓફિસરે તેમને તપાસ્યા. તેઓ બાળકોના ડાયાબીટીસથી પીડીત હતા. તેઓની લોહી, પેશાબની (બ્લડ, સુગર, એસીટોન) તપાસ કરી. લોહીં પેશાબમાં સુગરની માત્રા વધારે હતી. બ્લડ સુગર કાબુમાં ન હતું. વળી તેમની બંને આંખમાં મોતિયો પાકી ગયો હોવાથી કશું જ જોઈ શકતા ન હતા. કુમરીબેનના સગાને ગંભીરતા સમજાવી કુમરીબેન ને દાખલ કર્યા.

બીજે દિવસે આંખના નિષ્ણાત ડોક્ટરે  તપાસ કરીને સલાહ આપી કે બ્લડ સુગર (લોહીમાં ખાંડનું પ્રમાણ ) કાબુમાં આવી જાય એટલે મોતિયાનું ઓપરેશન કરી શકાશે.

હવે કુમરીબેનનો ડાયેટ પ્લાન અને બ્લડ સુગરની તપાસનો પ્લાન નક્કી થયો. ખૂબ ચોકસાઇ રાખી અંજલિ હોસ્પિટલના નર્સિંગ સ્ટાફે કુમરીબેનનું જમવાનું (ક્યારે ખાધું, કેટલું ખાધું) મોનીટર કર્યું અને દર બે કલાકે બ્લડ સુગરની તપાસ કરી. તેના પરિણામે મેડીકલ ઓફિસર દ્વારા ડાયાબીટીસની દવા ગોળી, ઇન્સ્યુલીનના ઇંજેકશન વિગેરેના ડોઝ નક્કી કરી સારવાર કરતા રહ્યા.


કુમરીબેનનુ બ્લડ સુગર નોર્મલ થયું એટલે એક આંખનું મોતિયાનું ઓપરેશન થયું. જ્યારે પાટો ખુલ્યો ત્યારે તો તેમને ખૂબ જ આનંદ આશ્ચર્ય થયું. તેમને જોઈને અમે બધા પણ ખૂબ આનંદિત થયા (અવર્ણનીય આનંદ થયો).

કુમરીબેને જ્યારે રજા લીધી ત્યારે બધા જ સ્ટાફ ભાઈ બેનોને મળ્યા અને આભાર વ્યક્ત કર્યો અને બીજી આંખનું ઓપરેશન દોઢ મહિના પછીની તારીખ લઈને ગયા.


## સંક્ષિપ્ત નાણાંકીય વ્યવસ્થા
## (ઓડિટેડ ઉપજ – ખર્ચ ખાતા પ્રમાણે)
## ૨૦૧૬-૨૦૧૭

| | ખર્ચ | આવક |
|---|---|---|
| અંજલિ હોસ્પિટલ | ૨૨૪૫૧૨૯૩.૮૫ | ૧૧૩૧૩૬૪૮.૬૧ |
| વુમન્સ કાર્યક્રમ (બહેનોનો કાર્યક્રમ) | ૯૭૭૯૦૫.00 | |
| પર્યાવરણ કાર્યક્રમ | ૧૨૪૧૨૦૮.00 | |
| એસ્ટાબ્લીશમેન્ટ | ૧૭૪૦૫૪૬.૧૧ | |
| વ્યાજ | | ૩૨૩૪૩૧૭.૫૭ |
| અન્ય આવક | | ૩૬૩૦૪૬.૪૫ |
| પ્રોગ્રામ ગ્રાન્ટ | | ૧૫0000.00 |
| રીએમ્બર્સમેન્ટ ઓફ પ્રોગ્રામ એક્સપેન્ડીચર | | ૪૫૩૩૮૮૮.00 |
| **કુલ (૧)** | **૨૬૪૧૦૯૫૨.૯૬** | **૧૯૫૯૪૯૦૦.૬૩** |
| કુલ ખોટ ( આવક કરતાં ખર્ચનો વધારો) | | **૬૮૧૬૦૫૨.૩૩** |
| કુલ ઘટાડો (ખોટ) | **૬૮૧૬૦૫૨.૩૩** | |
| ઘસારો (૨) | **૩૮૦૨૯૯૦.૬૫** | |
| વર્ષ દરમ્યાન દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ આર્થિક સહાય જેના થકી ખર્ચના વધારાને પહોચી વળાયું (૩) | | ૧૦૩૨૦૬૨૧.00 |
| **ખોટ ( આવક – ખર્ચ ખાતે સરવૈયામાં લઇ ગયા ) (૪)** | | **૨૯૮૪૨૧.૯૮** |
| | **૧૦૬૧૯૦૪૨.૯૮** | **૧૦૬૧૯૦૪૨.૯૮** |

ખર્ચ : ૩૦૨૧૩૯૪૩.૬૧ (૧+૨)




આવક : ૩૦૨૧૩૯૪૩.૬૧ (૧+૩+૪)




ઓડિટેડ આવક ખર્ચ આધારિત (જુઓ પાનું ૧૩)

# FORM NO. 10B

**[ See rule 17B ]**

**Audit report under section 12A(b) of the Income Tax Act, 1961, in the case of charitable or religious trusts or institutions**

I/We have examined the balance sheet of **ANJALI SOCIETY FOR RURAL HEALTH & DEVELOPMENT, as at 31 March, 2017** and the Income & Expenditure account for the year ended on that date which are in agreement with the books of account maintained by the said trust or institution.

I/We have obtained all the information and explanations which to the best of my/our knowledge and belief were necessary for the purposes of the audit. In my/our opinion, proper books of accounts have been kept at the head office and the branches of the above named trust/institution visited by me/us so far as appears from my/our examination of the books, and proper returns adequate for the purposes of audit have been received from branches not visited by me/us, subject to the comments given below:

In my/our opinion and to the best of my/our information, and according to the information given to me/us, the said accounts give a true and fair view-

(I) In the case of the balance sheet, of the state of affairs of the above named trust/institution as at 31 March, 2017 and

(II) In the case of the profit and loss account, loss of its accounting year ending on 31 March, 2017

The prescribed particulars are annexed here to.

Place : AHMEDABAD
Date : 06/07/2017

DILIP R. SHAH & CO.
Chartered Accountants

[DILIP R. SHAH PROP]
M. No. 30610
FR No. 102572W

# Audited Balance Sheet (Abridged)* 2016-17

| Liabilities & Trust Fund | Amount | Amount |
|---|---|---|
| Trust Fund Corpus: | | |
| Balance as per last b/s | 33560996.82 | |
| Add: Received during the year | 3978098.00 | 37539094.82 |
| Hospital Sustenance/Development Fund: | | |
| Balance as per last year | 5538354.69 | |
| Add: Received during the year | 955745.00 | 6494099.69 |
| Other earmarked funds & N. R. Grants: | | |
| Balance as per last year | 58086958.65 | |
| Ad: Received during the year | 7491400.00 | 65578358.65 |
| Other liabilities / Sundry creditors | | 811165.00 |
| Depreciation fund | | |
| F.C. Assets Depreciation Fund | 592802.60 | |
| Movable Assets | 8397932.91 | |
| Immovable Assets | 18174512.11 | 27165247.62 |
| **Total** | | **137587965.78** |

| Assets | Amount | Amount |
|---|---|---|
| Immovable Assets (Gross Block) | | 39242640.01 |
| Movable Assets (Gross Block) | | 20369535.37 |
| FC Assets | | 2366924.00 |
| Investments (FDR Dena Bank, HDFC Trust Deposit) | | 37700000.00 |
| Deposits Telephone, Gas & Land | | 198828.00 |
| Cash & Bank Balances | | 10340313.50 |
| Sundry Debtors | | 3241.66 |
| Income outstanding Interest receivable | | 486283.00 |
| Closing Stock of Medicine | | 968414.95 |
| **Income & Expenditure A/C:** | | |
| Opening Balance | 25613363.31 | |
| Add: Deficit during the year | 298421.98 | 25911785.29 |
| **Total** | | **137587965.78** |

* Detailed audited Balance Sheet and Income & Expenditure is available on request

# Audited Income & Expenditure (Abridged)* 2016-17

| Income | | Amount |
|---|---|---|
| Gross Hospital receipt from patients | 20301190.60 | |
| LESS: Value of free OPD & IPD | - 6939091.00 | |
| Value of free Medicine | - 2048450.99 | |
| **Net hospital receipt** | | 11313648.61 |
| General donation & 35 AC donation | | 10320621.00 |
| Interest | | 3234317.57 |
| Other Income | | 363046.45 |
| Reimbursement of programme expenditure | | 4533888.00 |
| Programme grant | | 150000.00 |
| Excess of expenditure over income | | 298421.98 |
| **Total** | | **30213943.61** |

| Expenditure | Amounts |
|---|---|
| Anjali Hospital | 22451293.85 |
| Women's programme expenses | 977905.00 |
| Environment, enrichment programme | 1241208.00 |
| Establishment expenditure | 1740546.11 |
| Depreciation | 3802990.65 |
| **Total** | **30213943.61** |

* Detailed audited Balance Sheet and Income & Expenditure is available on request

**ACCOUNTING POLICIES:**

The Accounts are maintained as per generally accepted accounting principle and are in line with the relevant guideline statements, standards issued by the Institute of Chartered Accountants of India.

**METHOD OF ACCOUNTING:**

Books of accounts are maintained on historical cost convention on accrual basis.

**FIXED ASSETS:**

Fixed assets are stated At Cost less depredation.

**DEPRECIATION:**

Depredation is provided on assets on WDV method as under:

| | |
|---|---|
| Immovable Assets | 10% |
| Movable Assets | 10% |

(Equipments, Furniture-Fixtures, Vehicles etc)

In the Current year the assets are shown their respective Cost value and Correspondingly the depreciation fund is created to make the value of asseets at its cost.

**INVESTMENTS:**

Investments are stated At Cost

**INVENTORY Of STOCK OF MEDICINE:**

The Closing stock for medicines as on 31/03/2017 are taken physically & certified by trust, are valued "At Cost". Medicine and other Supplies are used exclusively only for regular Hospital indoor & outdoor Patients.

The inventories are regularly & periodically taken by management.

**RECOGNITION OF INCOME & EXPENDITURE:**

Items of Income & expenditure are generally recorded on accrual basis.

During the year donation received are as under

a. Rs. 783970.00 Towards General Donation.
   and Rs 131720.00 towards Foreign Donation.
b. Rs 9404931.00 towards 35AC General Donation

**OTHER NOTES:**

1. Donation Towards Corpus Trust Fund . RS.3978098=00
   Trust fund amount includes Foreign Donation of Rs.135000=00
2. Donation Towards Hospital Sustenance/Corpus Fund. RS.955745/-
3. The Trust has paid gross remunerations of Rs.356940=00 P.A. to Managing Trustee Smt. Anitaben Shah as a full time administrator cum Director of community based Development Action (CBDA) Programme
4. The Trust has provided Free Residential accommodation in a campus to Smt Anitaben Shah as a full time administrator cum Director of Community Based Development Action (CBDA) Programme.
5. Rs.180000=00 P. A. is paid to Trustee Dr. Lalitbhai Shah as a Medical Director of Anjali Hospital.

According to our professional judgement the said remuneration (as per note 3 & 5) & the said perquisites (as per note 4) are most reasonable looking to their qualification and long experience as compared to any other person having such qualification and experience in other similar organisations. Members of the Board of Trustees other than Smt. Anita Shah and Dr. Lalitbhai Shah strongly opined that the services rendered by them to the Trust are very crucial and indispensable to the Trust.

PLACE : Ahmedabad

FOR, DILIP R.SHAH & CO
CHARTERED ACCOUNTS

Date:06-07-2017

[FOR, DILIP R.SHAH & CO]
M.NO.30610
F.R.No.102572W

- વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માં અંજલિ હોસ્પિટલનો ખર્ચ આવક કરતા રૂા. ૧.૨૨ કરોડ વધારે રહ્યો. આ રૂા. ૧.૨૨ કરોડનો વધારાનો ખર્ચ પ્રાપ્ત થયેલ દાન તથા વ્યાજની આવકના લીધે ભરપાઈ થઈ શક્યો.
- દમના (બ્રોન્કીયલ અસ્થમા) સેન્ટર તથા ક્રોનિક ડીસીઝ સેન્ટર (Chronic Diseases Centre) માટે પણ સહાય આવકાર્ય છે.
- વર્ષો વર્ષ હોસ્પીટલના ખર્ચને પહોંચી વળવા માટે કોર્પસ ફંડ ઉભુ કરવામાં મદદ આવકારદાયક છે.
- ગત વર્ષમાં મદદરૂપ થનાર બધાજ દાતાઓનો આભાર માનીએ છીએ.
- **દેના બેંક**
  બેંક એકાઉન્ટ નામ: "ANJALI" એકાઉન્ટ નં.: 072910001537
  NEFT / RTGS : BKDN0130729
  રણાસણ શાખા : પોષ્ટ: રણાસણ, તાલુકો : તલોદ-3૮3૩૦૫, સાબરકાંઠા
- PAN : AAATA2113L
- **સરનામું**
  "અંજલિ", પોષ્ટ: રણાસણ, તાલુકો : તલોદ-3૮3૩૦૫, જીલ્લો : સાબરકાંઠા, ગુજરાત
  ફોન : (૦૨૭૭૦)૨૮૨૦૩૪, ૨૮૨૧૩૫,
  મોબાઈલ: ૯૪૨૬૪૧૩૧૯૨, ૯૯૨૫૭૪૭૭૪૦
  Email : anjalisrhd@yahoo.com, www.anjaliruralhealth.org.in
- **ઓડીટર્સ**
  દિલીપ આર. શાહ એન્ડ કું.
  એ/૨૧/૨, અજન્તા કોમર્શીયલ સેન્ટર, બીજો માળ, સી.યુ. શાહ કોલેજ સામે, આશ્રમ રોડ, અમદાવાદ
- **કુરિયર**
  **તીરૂપતી કુરીયર**, ઉપર દર્શાવેલ પત્ર વ્યવહારના સરનામે તલોદ મોકલવું.

# સંસ્થાકીય દાતાઓ

| | | | |
|---|---|---|---|
| ૧ | લીલાવતી આર. શાહ મેડીકલ રીલીફ ટ્રસ્ટ | મુંબઈ | ૧૦૦૦૦૦૦ |
| ૨ | એસ્ટેટ ઓફ સ્વ. શ્રીમતી ભદ્રાબેન રણજીતલાલ સુખડવાલા c/o શ્રી દીપક ગોલવાલા | મુંબઈ | ૨૫૦૦૦૦ |
| ૩ | ઉર - આશા જવેરી ફાઉન્ડેશન ટ્રસ્ટ | મુંબઈ | ૨૦૦૦૦૦ |
| ૪ | જશ-કાન્તા ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૧૭૨૨૪૫ |
| ૫ | શ્રી જલારામ સેવાશ્રમ ટ્રસ્ટ | વડોદરા | ૧૦૦૦૦૦ |
| ૬ | સોહમ ચેરીટેબલ ટ્રસ્ટ | અમદાવાદ | ૭૦૦૦૦ |
| ૭ | આશા ફાઉન્ડેશન | મુંબઈ | ૫૦૦૦૧ |
| ૮ | શકરીબેન મંગળદાસ ચેરીટેબલ ટ્રસ્ટ | અમદાવાદ | ૫૦૦૦૦ |
| ૯ | પટેલ રણછોડભાઈ શંભુભાઈ કાશીરામ સેવા ટ્રસ્ટ | લાડોલ | ૩૧૦૦૦ |
| ૧૦ | આદર્શ ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૩૦૦૦૦ |
| ૧૧ | માનવ જ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૨૫૦૦૦ |
| ૧૨ | પ્રેમચંદ જીવાચંદ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૨૫૦૦૦ |
| ૧૩ | સંજીવની ટ્રસ્ટ | મુંબઈ | ૨૦૦૦૦ |
| ૧૪ | શારદાબેન કન્તીલાલ વખારીયા ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૨૦૦૦૦ |
| ૧૫ | એમકો ટ્રસ્ટ c/o દિનેશ એન્ટરપ્રાઈઝ | અમદાવાદ | ૨૦૦૦૦ |
| ૧૬ | વાડીલાલ ભોગીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૧૫૦૦૦ |
| ૧૭ | અંબર આશ્રય મહીલા બેનીફીટ એસોસિએશન | રાજકોટ | ૧૫૦૦૦ |
| ૧૮ | નવનીત ફાઉન્ડેશન | અમદાવાદ | ૧૫૦૦૦ |
| ૧૯ | યંગ મેન્સ ગાંધીયન એસોસિએશન | રાજકોટ | ૧૧૦૦૦ |
| ૨૦ | શ્રીમતી રાધિકાબેન હિંમતલાલ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ | વડોદરા | ૧૦૦૦૦ |
| ૨૧ | શ્રીમતી જયાલક્ષ્મી વસંતરાય દોશી ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૧૦૦૦૦ |
| ૨૨ | જયાબા સોમાણી પરીવાર ટ્રસ્ટ c/o શ્રી નટવરલાલ સોમાણી | અમદાવાદ | ૧૦૦૦૦ |
| ૨૩ | શેઠ રતનજી અને જીવનદાસ ચેરીટેબલ ટ્રસ્ટ નં. ૨ | મુંબઈ | ૧૦૦૦૦ |
| ૨૪ | શ્રી યુવક સંમેલન ડાયમંડ જ્યુબીલી ચેરીટી ટ્રસ્ટ | મુંબઈ | ૧૦૦૦૦ |
| ૨૫ | શેઠ ચેરીટેબલ ટ્રસ્ટ | અમદાવાદ | ૫૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧ | મીના પ્રિન્ટસ (પ્રા.) લી. | મુંબઈ | ૩૦૦૦૦૦૦ |
| ૨ | શ્રીમતી વિમળાબેન જયંતિલાલ શાહ<br>સ્વ. શ્રી સોમચંદ પુનમચંદ શાહ, રણાસણ ના સુપુત્રી | અમદાવાદ | ૨૮૩૮૧૫૦ |
| ૩ | જ્વેલેક્ષ ઇન્ડિયા પ્રા. લી. | મુંબઈ | ૨૧૦૦૦૦૦ |
| ૪ | પુજા પ્રિન્ટસ | રાજકોટ | ૨૦૦૦૦૦૦ |
| ૫ | શ્રી પરેશ ત્રિકમલાલ શાહ | મુંબઈ | ૧૦૦૦૦૦૦ |
| ૬ | પટેલ ભાનુભાઈ મણીભાઈ- હાલ અમેરિકા | બાવસર | ૬૫૦૦૦૦ |
| ૭ | શ્રી ચન્દ્રવદન શાંતિલાલ શાહ | મુંબઈ | ૫૦૦૦૦૦ |
| ૮ | પોલીથીન પ્રિન્ટીંગ એન્ડ સીલીંગ વર્ક | મુંબઈ | ૫૦૦૦૦૦ |
| ૯ | આતિષ ઇન્ડસ્ટ્રીઝ | મુંબઈ | ૫૦૦૦૦૦ |
| ૧૦ | નીલાક્ષી લુઝેડો | પુણે | ૫૦૦૦૦૦ |
| ૧૧ | નિહોન કોહ્દેન ઇન્ડિયા પ્રા. લિ. | સુરત | ૪૦૦૦૦૦ |
| ૧૨ | અસ્ત્રાલ ઇન્ડસ્ટ્રીઝ | ચાંગોદર | ૨૪૫૦૦૦ |
| ૧૩ | પંકજ જવેલર્સ પ્રા. લી. | અમદાવાદ | ૧૪૨૦૦૦ |
| ૧૪ | શ્રીમતી રમીલાબેન મનહરભાઈ પટેલ-હાલ અમેરિકા | બાવસર | ૧૦૧૧૧૧ |
| ૧૫ | લાયન્સ ક્લબ ઓફ (મુંબઈ) પંચરત્ન | મુંબઈ | ૧૦૧૦૦૦ |
| ૧૬ | શ્રી કેશવસિંહ ડી. કાપડિયા | મુંબઈ | ૧૦૦૦૦૦ |
| ૧૭ | ડો. હસમુખ સી. શાહ | વડોદરા | ૧૦૦૦૦૦ |
| ૧૮ | શ્રી સુભાષ આર. શાહ | મુંબઈ | ૧૦૦૦૦૦ |
| ૧૯ | ડો. મનોરમાબેન હરખચંદ મહેતા | રાજકોટ | ૧૦૦૦૦૦ |
| ૨૦ | ડો. કલ્પેશ જી. શાહ | વડોદરા | ૯૬૦૦૦ |
| ૨૧ | શ્રી ગોવિંદભાઈ મંગળદાસ શાહ | વડોદરા | ૯૨૫૦૦ |
| ૨૨ | શ્રીમતી ઇન્દીરાબેન ગોવિંદભાઈ શાહ | વડોદરા | ૮૫૦૦૦ |
| ૨૩ | શ્રી ગુણવંત એચ. શાહ | વડોદરા | ૭૫૦૦૦ |
| ૨૪ | શ્રી મધુસુદનભાઈ એમ. મેહતા | સુરત | ૭૦૦૦૦ |
| ૨૫ | ક્રીયેટીવ પ્રિન્ટર્સ પ્રા. લી. | અમદાવાદ | ૬૧૦૦૦ |
| ૨૬ | શ્રીમતી તારાબેન જયંતિલાલ વાધાણી અને<br>શ્રી જયંતિલાલ મગનલાલ વાધાણી (માટુંગા) નાસ્મરણાર્થે | મુંબઈ | ૫૧૦૦૦ |
| ૨૭ | શ્રી વિપુલ નાથાલાલ પંડ્યા | મુંબઈ | ૫૧૦૦૦ |
| ૨૮ | શ્રી સુનિલ એસ. શાહ | મુંબઈ | ૫૦૦૦૦ |
| ૨૯ | સીમર્ગ એપ્લાયન્સીસ પ્રા. લી. | અમદાવાદ | ૫૦૦૦૦ |
| ૩૦ | શ્રી કમલેશભાઈ શશીકાંતભાઈ મહેતા | મુંબઈ | ૫૦૦૦૦ |
| ૩૧ | કૈલાસબેન જશુભાઈ પટેલ | મોયદ | ૫૦૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૩૨ | ડો. અપેક્ષા કે. શાહ | વડોદરા | ૫૦૦૦૦ |
| ૩૩ | શ્રીમતી લલીતાબેન એચ. શાહ | વડોદરા | ૫૦૦૦૦ |
| ૩૪ | ડો. ભાવનાબેન સોની | સુરત | ૫૦૦૦૦ |
| ૩૫ | શ્રી મુકેશ કે. એડનવાલા | અમદાવાદ | ૫૦૦૦૦ |
| ૩૬ | શ્રીમતી જયાગૌરી બાલાશંકર પુરોહિત | આણંદ | ૫૦૦૦૦ |
| ૩૭ | શ્રી વસંતકુમાર લક્ષ્મીશંકર જોષી | પુંસરી | ૪૯૧૧૧ |
| ૩૮ | શ્રી વિપુલ વસંતકુમાર જોષી | પુંસરી | ૪૫૦૦૦ |
| ૩૯ | શ્રી નૃપેશ વસંતકુમાર જોષી | પુંસરી | ૪૫૦૦૦ |
| ૪૦ | શ્રી કૃણાલકુમાર વસંતકુમાર જોષી | પુંસરી | ૪૫૦૦૦ |
| ૪૧ | દિશા કલ્પેશ શાહ | વડોદરા | ૪૫૦૦૦ |
| ૪૨ | નીલાબેન હેમંત વ્યાસ | વડોદરા | ૪૫૦૦૦ |
| ૪૩ | નીપા કૃણાલકુમાર જોષી | પુંસરી | ૪૩૫૦૦ |
| ૪૪ | શ્રીમતી પદમાવતી વસંતકુમાર જોષી | પુંસરી | ૪૧૫૦૦ |
| ૪૫ | શ્રીમતી ચંચલબેન લક્ષ્મીશંકર જોષી | પુંસરી | ૪૧૦૦૦ |
| ૪૬ | નીશા નૃપેશકુમાર જોષી | પુંસરી | ૪૦૦૦૦ |
| ૪૭ | ઋતુલ કલ્પેશ શાહ | વડોદરા | ૪૦૦૦૦ |
| ૪૮ | શ્રી બળદેવ ચંદનમલ વટનાની | ગોધરા | ૪૦૦૦૦ |
| ૪૯ | ભારતીબેન ભાનુપ્રસાદ ગોર (શિણોલ) | પુંસરી | ૩૯૫૦૦ |
| ૫૦ | ધર્મિષ્ઠા અશોકકુમાર પુરોહિત (ડાભા) | પુંસરી | ૩૯૦૦૦ |
| ૫૧ | આરવ કૃણાલકુમાર જોષી | પુંસરી | ૩૭૫૦૦ |
| ૫૨ | ક્નીષ્ક કૃણાલકુમાર જોષી | પુંસરી | ૩૫૦૦૦ |
| ૫૩ | રામીન | વડોદરા | ૩૫૦૦૦ |
| ૫૪ | શ્રી કમલેશભાઈ શશીકાંતભાઈ મહેતા HUF | મુંબઈ | ૩૫૦૦૦ |
| ૫૫ | શ્રી સંજયભાઈ ઉન્મેશભાઈ મશરૂવાલા | મુંબઈ | ૩૫૦૦૦ |
| ૫૬ | સ્વ. કાન્તાબેન છગનલાલ શાહ ના સ્મરણાર્થે | રણાસણ | ૩૩૦૦૦ |
| ૫૭ | શ્રીમતી સુમિત્રાબેન સી. અમીન | વડોદરા | ૩૦૦૦૦ |
| ૫૮ | શ્રી અવધેશકુમાર નટવરલાલ પટેલ | મોડાસા | ૩૦૦૦૦ |
| ૫૯ | શ્રી ધીરેન આર. શાહ | વડોદરા | ૨૫૦૦૧ |
| ૬૦ | સ્વ. શ્રી કુમુદચંદ્ર છગનલાલ શાહના સ્મરણાર્થે | અમદાવાદ | ૨૫૦૦૦ |
| ૬૧ | શ્રી અંકિત કુમુદચંદ્ર શાહ અને જીનલ અંકિત શાહ | યુ.એસ.એ. | ૨૫૦૦૦ |
| ૬૨ | શ્રી અભય ભાસ્કર કવીશ્વર | સુરત | ૨૫૦૦૦ |
| ૬૩ | શ્રી આર. આર. શાહ | વડોદરા | ૨૫૦૦૦ |
| ૬૪ | શ્રી ભાઇલાલભાઇ ધર્માભાઇ પટેલ | શીકા | ૨૫૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૬૫ | શ્રી કેતન સી. પરીખ | મુંબઈ | ૨૫૦૦૦ |
| ૬૬ | ડો. દક્ષાબેન અશ્વિનભાઈ પટેલ | અમદાવાદ | ૨૫૦૦૦ |
| ૬૭ | શ્રી જીતેન્દ્રભાઈ ઈશ્વરલાલ શાહ | અમદાવાદ | ૨૫૦૦૦ |
| ૬૮ | ડો. રીતુ જે. શાહ | વડોદરા | ૨૫૦૦૦ |
| ૬૯ | શ્રીમતી નીરૂબેન આર. અમીન | વડોદરા | ૨૫૦૦૦ |
| ૭૦ | શ્રી પૃથા પંથેશ જીનવાલા | વડોદરા | ૨૫૦૦૦ |
| ૭૧ | શ્રી રામેન્દ્ર જે. પરીખ | અમદાવાદ | ૨૫૦૦૦ |
| ૭૨ | ડો. હંસાબેન એડનવાલા | અમદાવાદ | ૨૫૦૦૦ |
| ૭૩ | શ્રી ઉમંગ આર. શાહ | મુંબઈ | ૨૫૦૦૦ |
| ૭૪ | વોલ્ગા ગેસ કંપની | વડોદરા | ૨૫૦૦૦ |
| ૭૫ | શ્રીમતી વીણા જગદીશભાઈ શાહ | અમદાવાદ | ૨૫૦૦૦ |
| ૭૬ | શ્રી રાજેશ ઓચ્છવલાલ તલાટી | મુંબઈ | ૨૫૦૦૦ |
| ૭૭ | કૌશિક ગોકલદાસ HUF | મુંબઈ | ૨૫૦૦૦ |
| ૭૮ | શ્રીમતી ગીતાબેન સી. શાહ | અમદાવાદ | ૨૫૦૦૦ |
| ૭૯ | શ્રી દિલીપ આર. શાહ | અમદાવાદ | ૨૫૦૦૦ |
| ૮૦ | સ્નેહા દિલીપ શાહ | અમદાવાદ | ૨૫૦૦૦ |
| ૮૧ | ડો. નિશીથ વી. શાહ | અમદાવાદ | ૨૫૦૦૦ |
| ૮૨ | શ્રી મલ્ટીટેક પ્રા. લી. | વડોદરા | ૨૫૦૦૦ |
| ૮૩ | શ્રી માર્કેટિંગ | વડોદરા | ૨૫૦૦૦ |
| ૮૪ | ડો. પ્રેયશ શાહ | વડોદરા | ૨૫૦૦૦ |
| ૮૫ | વલ્લભાચાર્ય જયંતિ નિમિત્તે,<br>રણાસણ ખડાયતા વૈષ્ણવ સમાજ | રણાસણ | ૨૫૦૦૦ |
| ૮૬ | ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પ્રોડક્ટ | વડોદરા | ૨૦૦૦૦ |
| ૮૭ | શ્રી હરીભાઈ ધર્માભાઇ પટેલ | શીકા | ૧૬૦૦૦ |
| ૮૮ | શ્રીમતી શર્મિષ્ઠાબેન ભરતભાઈ શાહ | મુંબઈ | ૧૬૦૦૦ |
| ૮૯ | સુજ્ઞેશ મહેતા એન્ડ કં. | વડોદરા | ૧૫૦૦૦ |
| ૯૦ | શ્રીમતી બબુબેન ભીખાભાઈ પટેલ | નવી શિણોલ | ૧૫૦૦૦ |
| ૯૧ | જયાબેન શાહ | વડોદરા | ૧૫૦૦૦ |
| ૯૨ | શ્રીમતી જયાબેન શ્યામબાબુ શર્મા | હાથરોલ | ૧૫૦૦૦ |
| ૯૩ | શ્રીમતી ચારૂબેન ઉપેન્દ્રભાઈ પરીખ | મુંબઈ | ૧૫૦૦૦ |
| ૯૪ | શ્રી અભિષેક યોગેશચંદ્ર શાહ | અમદાવાદ | ૧૫૦૦૦ |
| ૯૫ | સ્વ. પટેલ કોદીબેન દેવકરણભાઈ<br>હ. શ્રી વિનોદભાઈ અને શ્રી જયંતીભાઈ | રમોસ | ૧૧૧૧૧ |

| | | | |
|---|---|---|---|
| ૯૬ | શ્રી કિરીટકુમાર નટવરલાલ સરૈયા | અમદાવાદ | ૧૧૧૧૧ |
| ૯૭ | શ્રી જયંતિલાલ છોટાલાલ શાહ | ધનસુરા | ૧૧૧૧૧ |
| ૯૮ | બરોડા કેમિકલ્સ એન્ડ ફર્ટીલાઈઝર્સ | વડોદરા | ૧૧૧૧૧ |
| ૯૯ | પટેલ કોદરીબેન જયંતીભાઈ પોપટલાલની પુણ્યતિથી નિમિત્તે હ. શ્રી જયંતિભાઈ પોપટલાલ પટેલ | રમોસ | ૧૧૦૦૧ |
| ૧૦૦ | શ્રી પંકજકુમાર હીરાચંદ શાહ | મુંબઈ | ૧૧૦૦૦ |
| ૧૦૧ | સ્વ. શ્રી વસ્તાભાઈ ધનજીભાઈ પટેલ હ. શ્રી રમણભાઈ કાન્તીભાઈ પટેલ | નારણપુરા કંપા | ૧૧૦૦૦ |
| ૧૦૨ | શ્રી પરેશકુમાર પોપટલાલ પટેલ | રમોસ | ૧૧૦૦૦ |
| ૧૦૩ | શ્રી રાધેશ્યામ મણીલાલ શાહ | ગાંધીનગર | ૧૧૦૦૦ |
| ૧૦૪ | ડો. સુમંત શાહ | અમદાવાદ | ૧૧૦૦૦ |
| ૧૦૫ | પુજા ફર્નીચર હ. માતૃશ્રી મણીબા પરીવાર | મોડાસા | ૧૧૦૦૦ |
| ૧૦૬ | રહેવર ગીતાબા રણવીરસિંહ | રણાસણ | ૧૦૧૧૧ |
| ૧૦૭ | શ્રીમતી હંસાબેન વિનોદભાઈ ભગત | મુંબઈ | ૧૦૦૦૦ |
| ૧૦૮ | શાહ ગંગાબેન ડાહ્યાલાલ ની પુણ્યતિથિ નિમિત્તે હ. ડો. અશ્વિન ડી. શાહ | હિંમતનગર | ૧૦૦૦૦ |
| ૧૦૯ | પટેલ મંજુરહુસેન ઈસ્માઈલભાઈ | કનાઈ | ૧૦૦૦૦ |
| ૧૧૦ | શ્રી પ્રેમજીભાઈ કરસનભાઇ પટેલ | લહેરીપુરા કંપા | ૧૦૦૦૦ |
| ૧૧૧ | સ્વ. કોકીલાબેન શેઠ | અમદાવાદ | ૧૦૦૦૦ |
| ૧૧૨ | મીનલ અંજન દલાલ | અમદાવાદ | ૧૦૦૦૦ |
| ૧૧૩ | શ્રી કૃષ્ણકાન્ત મગનલાલ પરીખ | વડોદરા | ૧૦૦૦૦ |
| ૧૧૪ | શ્રી મૌલિક પુરોહિત - યુ.એસ.એ. | વડોદરા | ૧૦૦૦૦ |
| ૧૧૫ | અસગરી ટ્રેડર્સ | વડોદરા | ૧૦૦૦૦ |
| ૧૧૬ | શ્રી શ્રુત પી. શાહ | વડોદરા | ૧૦૦૦૦ |
| ૧૧૭ | કે. પી. આર્કેડ | અમદાવાદ | ૧૦૦૦૦ |
| ૧૧૮ | ડો. ધીરેન જી. ગંજવાલા | અમદાવાદ | ૧૦૦૦૦ |
| ૧૧૯ | ડો. ફાલ્ગુનીબેન રાજેન્દ્રભાઈ શાહ | મુંબઈ | ૧૦૦૦૦ |
| ૧૨૦ | શ્રી વિનયભાઈ રાજેન્દ્રભાઈ શાહ | મુંબઈ | ૧૦૦૦૦ |
| ૧૨૧ | લીનાબેન ચંદુલાલ વકીલ | મુંબઈ | ૧૦૦૦૦ |
| ૧૨૨ | ધિશત બટુક મહેતા | મુંબઈ | ૧૦૦૦૦ |
| ૧૨૩ | શ્રી ચંદ્રકાંત કાન્તીલાલ વોરા | ઝઘડિયા | ૧૦૦૦૦ |
| ૧૨૪ | ટાર્ગેટ સેલ્સ | વડોદરા | ૧૦૦૦૦ |
| ૧૨૫ | શ્રીજી એન્જીનીયરીંગ એન્ટરપ્રાઈઝ | વડોદરા | ૧૦૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૨૬ શ્રી ઓચ્છવલાલ સી. શાહ | વડોદરા | ૮૬૦૦ |
| ૧૨૭ શ્રીમતી ભારતીબેન ગીરીશકુમાર રાવલ | ડીસા | ૮૫૦૧ |
| ૧૨૮ શ્રી સુરેન્દ્ર ગીરધરલાલ શેઠ | મુંબઈ | ૭૫૦૦ |
| ૧૨૯ સ્વ. રમણલાલ આત્મારામ રાવલ<br>હ. શ્રી નવીનકુમાર રમણલાલ રાવલ | બહુચરાજી | ૭૫૦૦ |
| ૧૩૦ શ્રી તેજશ મુકેશભાઈ શાહ | વલ્લભ વિદ્યાનગર | ૭૧૩૪ |
| ૧૩૧ શ્રી હસમુખ સી. દલાલ | અમદાવાદ | ૭૦૨૦ |
| ૧૩૨ શ્રી વિવેકભાઈ આઈ. સોની | વડોદરા | ૭૦૦૦ |
| ૧૩૩ શ્રી દિનેશ ઓ. શાહ | વડોદરા | ૭૦૦૦ |
| ૧૩૪ ઠક્કર સ્ટોક બ્રોકર્સ પ્રા. લી. | વડોદરા | ૭૦૦૦ |
| ૧૩૫ શ્રી હસમુખલાલ ગોરધનદાસ શાહ | આણંદ | ૬૦૦૦ |
| ૧૩૬ શ્રીમતી શોભનાબેન એમ. શાહ | વલ્લભ વિદ્યાનગર | ૫૯૫૯ |
| ૧૩૭ ગુડલક ઓઈલ એન્ડ પેઈન્ટસ કૂાં. | વડોદરા | ૫૬૦૦ |
| ૧૩૮ શ્રી નરેન્દ્રભાઈ કોદરભાઇ પટેલ | ધનસુરા | ૫૫૦૦ |
| ૧૩૯ શ્રી નયનકુમાર જયંતિલાલ શાહ | ધનસુરા | ૫૫૦૦ |
| ૧૪૦ શ્રીમતી ભગવતીબેન નારણભાઈ પટેલ | માઢવા કંપા | ૫૧૦૦ |
| ૧૪૧ શ્રી દિલીપ ગોવિંદજી શાહ | મુંબઈ | ૫૦૦૧ |
| ૧૪૨ શ્રી નીખીલ જે. શાહ HUF | અમદાવાદ | ૫૦૦૧ |
| ૧૪૩ શ્રી મુકેશ રસિકલાલ પટવા | વડોદરા | ૫૦૦૧ |
| ૧૪૪ ડો. રીતેશ જે. શાહ | વડોદરા | ૫૦૦૧ |
| ૧૪૫ શ્રીમતી જયશ્રીબેન એસ. મહેતા | વડોદરા | ૫૦૦૦ |
| ૧૪૬ શ્રી વ્રજમોહનભાઈ પી. શાહ | સુરત | ૫૦૦૦ |
| ૧૪૭ શ્રીમતી મીતા હેમેન્દ્ર શાહ | વડોદરા | ૫૦૦૦ |
| ૧૪૮ શ્રી પ્રેરક દિલીપભાઈ શાહ | હિંમતનગર | ૫૦૦૦ |
| ૧૪૯ શ્રીમતી કૈલાસબેન રતીભાઈ પટેલ | કાશીપુરા કંપા | ૫૦૦૦ |
| ૧૫૦ શ્રી દિનેશભાઈ શીવરામભાઈ પ્રજાપતિ | મહેસાણા | ૫૦૦૦ |
| ૧૫૧ શ્રી અનંતકુમાર નટવરલાલ મહેતા | વડોદરા | ૫૦૦૦ |
| ૧૫૨ શ્રી ગૌરવકુમાર સક્સેના | ગાંધીનગર | ૫૦૦૦ |
| ૧૫૩ પટેલ પીહુબેન જૈમિનભાઈ<br>હ. શ્રી જૈમિનભાઈ સુરેશભાઈ પટેલ | લક્ષ્મીપુરા કંપા | ૫૦૦૦ |
| ૧૫૪ અક્ષય એન્ટરપ્રાઈઝ | ભીવંડી-થાણે | ૫૦૦૦ |
| ૧૫૫ ડો. જીતેન્દ્રકુમાર નેમચંદ ગાંધી | રણાસણ | ૫૦૦૦ |
| ૧૫૬ શ્રીમતી ચંદનબેન જયંતિલાલ શાહ<br>હ. શ્રી જયંતિલાલ શંકરલાલ શાહ | મુંબઈ | ૫૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૫૭ | શ્રી જગમોહન શંકરલાલ શાહ | મુંબઈ | ૫૦૦૦ |
| ૧૫૮ | શ્રી અયાન કોમીલકુમાર ગાંધી | સોનાસણ | ૫૦૦૦ |
| ૧૫૯ | સ્વ. શાંતાબેન અમરતલાલ ગાંધી | સોનાસણ | ૫૦૦૦ |
| ૧૬૦ | મુમુક્ષ તરફથી | | ૫૦૦૦ |
| ૧૬૧ | શ્રીમ સ્ટીલ એન્ડ ટ્યુબ્સ | અમદાવાદ | ૫૦૦૦ |
| ૧૬૨ | શ્રી કિરણભાઈ કાન્તીભાઈ પટેલ | નવા | ૫૦૦૦ |
| ૧૬૩ | શ્રી વિજયકુમાર રમણલાલ દેસાઈ | મુંબઈ | ૫૦૦૦ |
| ૧૬૪ | શ્રી પ્રફુલ્લ પુરોહિત - યુ.એસ.એ. | વડોદરા | ૫૦૦૦ |
| ૧૬૫ | શ્રીમતી ઝંખના બીમલકુમાર શેઠ | વડોદરા | ૫૦૦૦ |
| ૧૬૬ | શ્રીમતી વર્ષાબેન કિશોરભાઈ મિસ્ત્રી | વડોદરા | ૫૦૦૦ |
| ૧૬૭ | શ્રી રમણભાઈ જેઠાભાઈ પટેલ | ગઢોડા | ૫૦૦૦ |
| ૧૬૮ | ડો. ભરત એમ. શાહ | અમદાવાદ | ૫૦૦૦ |
| ૧૬૯ | શ્રી સંજયભાઈ કાન્તીભાઈ દેસાઈ | અમદાવાદ | ૫૦૦૦ |
| ૧૭૦ | શ્રી વિનોદભાઈ ઘેલાભાઈ શાહ | અમદાવાદ | ૫૦૦૦ |
| ૧૭૧ | શ્રી મહેશભાઈ બી. રાવળ | રણાસણ | ૫૦૦૦ |
| ૧૭૨ | ડો. સેજલ એચ. શાહ | વડોદરા | ૫૦૦૦ |
| ૧૭૩ | શ્રી કુશાન ડી. શાહ | વડોદરા | ૫૦૦૦ |
| ૧૭૪ | કોઠારી ઈમ્પેરો | મુંબઈ | ૫૦૦૦ |
| ૧૭૫ | પીનલબેન એન. શાહ | મોડાસા | ૫૦૦૦ |
| ૧૭૬ | શ્રી લક્ષ્મીચંદભાઈ વેરશી નિશાર | મુંબઈ | ૫૦૦૦ |
| ૧૭૭ | શ્રી વસંતલાલ ચંદુલાલ શાહ | મોડાસા | ૫૦૦૦ |
| ૧૭૮ | પારૂલબેન રજનીકાંત ત્રિવેદી | હિંમતનગર | ૫૦૦૦ |
| ૧૭૯ | ડો. જુલી સંજય દેસાઈ | અમદાવાદ | ૫૦૦૦ |
| ૧૮૦ | ડો. હીના બંકિમ શાહ | વડોદરા | ૫૦૦૦ |
| ૧૮૧ | શ્રી મલયભાઈ વિનોદચંદ્ર મહેતા | મુંબઈ | ૫૦૦૦ |
| ૧૮૨ | શ્રી નટવરલાલ એચ. શાહ | વડોદરા | ૪૦૦૦ |
| ૧૮૩ | શ્રી રાકેશ શાહ | રાજકોટ | ૩૦૦૦ |
| ૧૮૪ | વિક્રમના જન્મ દિવસ નિમિત્તે | | |
| | હ. શ્રીમતી શર્મિષ્ઠાબેન ભરતભાઈ શાહ | મુંબઈ | ૩૦૦૦ |
| ૧૮૫ | શ્રી પંકજભાઈ એમ. શાહ | વડોદરા | ૩૦૦૦ |
| ૧૮૬ | શ્રી હરિવદનભાઈ સી. શાહ | વડોદરા | ૩૦૦૦ |
| ૧૮૭ | શ્રીમતી અલકાબેન કીર્તિભાઈ ઠાકર | રણાસણ | ૨૬૦૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૮૮ | પટેલ ભીખાભાઈ ફકીરભાઈ | જાલમપુરા | ૨૫૦૦ |
| ૧૮૯ | શ્રી જયંતીભાઈ જેઠાભાઈ પટેલ | માઢવા કંપા | ૨૫૦૦ |
| ૧૯૦ | મહાલક્ષ્મી હેન્ડલુમ | મોડાસા | ૨૫૦૦ |
| ૧૯૧ | શ્રી વિનીત નયનભાઈ શાહ | ધનસુરા | ૨૫૦૦ |
| ૧૯૨ | ડો. નરેન્દ્રભાઈ સુથાર | મહેસાણા | ૨૫૦૦ |
| ૧૯૩ | પ.પુ. મોટીબેન ના સ્મરણાર્થે પંડ્યા પરિવાર તરફથી<br>શ્રીમતી પ્રતિભાબેન દેવર્ષીભાઈ પંડ્યા | અમદાવાદ | ૨૫૦૦ |
| ૧૯૪ | મે. શ્રીમદ એન્ટરપ્રાઈઝ | રાજકોટ | ૨૫૦૦ |
| ૧૯૫ | શ્રી કે. એમ. પટેલ | યુકે | ૨૫૦૦ |
| ૧૯૬ | શ્રીમતી વિમળાબેન હરખચંદ શાહ<br>શ્રી હરખચંદ રામચંદ શાહ | બારસી | ૨૧૦૦ |
| ૧૯૭ | શ્રીમતી તન્વીબેન હિરેનકુમાર રાવલ | અમદાવાદ | ૨૦૦૨ |
| ૧૯૮ | શ્રી જસવંતલાલ ચંદુલાલ શાહ (મીઠાવાળા) | મોડાસા | ૨૦૦૨ |
| ૧૯૯ | શ્રી અરૂણ એ. મોદી | વડોદરા | ૨૦૦૨ |
| ૨૦૦ | શ્રી દિનેશ જયંતિલાલ વોરા | અમદાવાદ | ૨૦૦૦ |
| ૨૦૧ | શ્રી રસીકલાલ મુળજીદાસ શાહ | નવી મુંબઈ | ૨૦૦૦ |
| ૨૦૨ | કેતુલ રાકેશભાઈ શાહ | વડોદરા | ૨૦૦૦ |
| ૨૦૩ | શ્રીમતી ડીમ્પલબેન રાકેશભાઈ શાહ | વડોદરા | ૨૦૦૦ |
| ૨૦૪ | શ્રીમતી રંજનબેન નાનાલાલ સોની | રણાસણ | ૨૦૦૦ |
| ૨૦૫ | શ્રી અનીલ એન. શાહ | અમદાવાદ | ૨૦૦૦ |
| ૨૦૬ | આરતીબેન પ્રહલાદભાઈ પટેલ | રણાસણ કંપા | ૧૫૦૧ |
| ૨૦૭ | શ્રી રાજેન્દ્ર ચંદુલાલ શાહ | વડોદરા | ૧૫૦૦ |
| ૨૦૮ | શ્રીમતી હંસાબેન ધીરજભાઈ પટેલ | દહેગામ | ૧૧૦૦ |
| ૨૦૯ | સ્વ. પરષોત્તમભાઈ સવજીભાઈ પટેલ<br>હ. શ્રી પરાગભાઈ પરષોત્તમભાઈ પટેલ | માઢવા કંપા | ૧૧૦૦ |
| ૨૧૦ | સ્વ. સવજીભાઈ મેઘજીભાઈ પટેલ<br>હ. શ્રી પરાગભાઈ પરસોત્તમભાઈ પટેલ | માઢવા કંપા | ૧૧૦૦ |
| ૨૧૧ | સ્વ. નેહાબેન મેહુલકુમાર પટેલ<br>હ. શ્રીમતી મંજુલાબેન વિઠ્ઠલભાઈ પટેલ | કૃષ્ણપુરા કંપા | ૧૧૦૦ |
| ૨૧૨ | સ્વ. નેહાબેન મેહુલકુમાર પટેલ<br>હ. શ્રી મેહુલકુમાર પરષોત્તમદાસ પટેલ | માઢવા કંપા | ૧૧૦૦ |
| ૨૧૩ | શ્રી જેસીંગભાઇ માવજીભાઈ પટેલ | રમોસ | ૧૧૦૦ |
| ૨૧૪ | શ્રી કીર્તિકુમાર કુમુદચન્દ્ર ઠાકર | રણાસણ | ૧૦૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૨૧૫ | સ્વ. જયાબેન સુરેશચન્દ્ર સોની<br>હ. શ્રી સુરેશચન્દ્ર શંકરલાલ સોની | હિંમતનગર | ૧૦૦૦ |
| ૨૧૬ | ફલક બીમલ શેઠ | વડોદરા | ૧૦૦૦ |
| ૨૧૭ | શ્રી સંજયકુમાર ભીખાભાઈ પટેલ | રડોદરા | ૧૦૦૦ |
| ૨૧૮ | શ્રી રાહુલભાઈ યશવંતભાઈ શાહ | વડોદરા | ૧૦૦૦ |
| ૨૧૯ | શ્રી અશોકભાઈ નગીનદાસ શાહ | વડોદરા | ૧૦૦૦ |
| ૨૨૦ | શ્રી ઠાકોરલાલ નાનાલાલ શાહ | કપડવંજ | ૧૦૦૦ |
| ૨૨૧ | શ્રી કુમુદચંદ્ર ડી. ઠાકર | વાવોલ | ૧૦૦૦ |
| ૨૨૨ | શ્રીમતી છાયાબેન મયંકકુમાર પંડ્યા | ઝઘડિયા | ૧૦૦૦ |
| ૨૨૩ | શ્રી અરવિંદભાઈ આર. દેસાઈ | વલસાડ | ૧૦૦૦ |
| ૨૨૪ | શ્રી રજનીકાંત રમેશચન્દ્ર દેસાઈ | વલસાડ | ૧૦૦૦ |
| ૨૨૫ | શ્રી વિષ્ણુંભાઈ રણછોડભાઈ પટેલ | ગઢવાડ | ૧૦૦૦ |
| ૨૨૬ | સ્વ. મંગળદાસ મુળજીદાસ શાહ ના સ્મરણાર્થે<br>હ. શ્રી પ્રકાશભાઈ મંગળદાસ શાહ | રણાસણ | ૧૦૦૦ |
| ૨૨૭ | શ્રી લલીતકુમાર જીવાભાઈ પટેલ | હાથરોલ | ૧૦૦૦ |
| ૨૨૮ | શ્રી ધર્મેન્દ્રકુમાર અમૃતલાલ રાવલ | રણાસણ | ૧૦૦૦ |
| ૨૨૯ | સ્વ. વોરા અમૃતલાલ મોતીચંદ હ. શ્રી પ્રકાશભાઈ વોરા | રણાસણ | ૧૦૦૦ |
| ૨૩૦ | સ્વ. વોરા કમળાબેન અમૃતલાલ હ. શ્રી પ્રકાશભાઈ વોરા | રણાસણ | ૧૦૦૦ |
| ૨૩૧ | સ્વ. વોરા મનહરલાલ અમૃતલાલ હ. શ્રી પ્રકાશભાઈ વોરા | રણાસણ | ૧૦૦૦ |
| ૨૩૨ | સ્વ. શાહ પ્રેમીલાબેન રતિલાલ હ. શ્રી પ્રકાશભાઈ વોરા | રણાસણ | ૧૦૦૦ |
| ૨૩૩ | કુશલ કીર્તિકુમાર ઠાકર | રણાસણ | ૫૦૧ |
| ૨૩૪ | શ્રી વિપુલભાઈ ચુનીલાલ રાવળ | પાલનપુર | ૫૦૧ |
| ૨૩૫ | શ્રીમતી જ્યોત્સના એચ. પટેલ | જીતપુરા | ૫૦૦ |
| ૨૩૬ | શ્રી કાળુભાઈ રાણા | વડોદરા | ૫૦૦ |
| ૨૩૭ | શ્રીમતી મંજુલાબેન પુનમભાઈ પટેલ | ઓડ | ૫૦૦ |
| ૨૩૮ | દિપ્તીબેન ગોપાલભાઈ નિમાવત | ધનસુરા | ૨૦૦ |

## વિદેશી દાન

| | | | |
|---|---|---|---|
| ૧ | અમેરિકન સર્વિસ ટુ ઇન્ડિયા દ્વારા<br>પ્રશાંત તથા મોસમી રવાણી વતી | યુ.એસ.એ. | ૧૩૧૭૨૦ |

અંજલિ હોસ્પિટલમાં પડતી વાર્ષિક ખોટને પહોચી વળવા તિથિદાન યોજના શરૂ કરવામાં આવી છે. જેમાં રૂા. ૨૫૦૦૦ નું દાન આપનાર ની જન્મતિથિ, લગ્નતિથિ, શુભઆરંભ તિથિ તથા સ્વજન સ્મૃતિ (પુણ્યતિથિ) તિથિ નોંધવામાં આવે છે અને જે તે તિથિ / તારીખના રોજ  અંજલિ હોસ્પિટલના પ્રવેશ દ્વારમાં ૪૦ ઇંચના LED TV ધ્વારા ફોટા સહિત નીચે મુજબ દિવસ દરમ્યાન દર્શાવવામાં આવે છે.




## ૨૦૧૬-૨૦૧૭ વર્ષ દરમ્યાન પ્રાપ્ત થયેલ તિથિદાન

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | શ્રીમતી સુલોચના સી. પરીખ | મુંબઈ | તિથી | ૧૮મી જુલાઈ |
| ૨ | વલ્લભાચાર્ય જયંતિ<br>રણાસણ ખડાયતા વૈષ્ણવ સમાજ | રણાસણ | તિથી | ચૈત્ર વદ અગિયારસ |
| ૩ | શ્રીમતી પ્રિતી શાહ | મુંબઈ | જન્મતિથી | ૭મી જુલાઈ |
| ૪ | પ્રાચી પવન ભલાવત | વડોદરા | જન્મતિથી | ૩જી ડીસેમ્બર |
| ૫ | બિન્દુબેન રોનકકુમાર શાહ | અમદાવાદ | જન્મતિથી | ૧૦મી ઓગષ્ટ |
| ૬ | ડો. રીતુ જયેશ શાહ | વડોદરા | લગ્નતિથી | ૨૪મી ડીસેમ્બર |
| ૭ | પૃથા પંથેશ જીનવાલા | વડોદરા | લગ્નતિથી | ૨૬મી નવેમ્બર |
| ૮ | નેહા અને સ્કોટ | વડોદરા | લગ્નતિથી | ૩જી સપ્ટેમ્બર |
| ૯ | નિખીલ અને દીના | વડોદરા | લગ્નતિથી | ૫મી નવેમ્બર |
| ૧૦ | નિશા અને જોસ | વડોદરા | લગ્નતિથી | ૧૯મી નવેમ્બર |
| ૧૧ | સ્વ. ભાસ્કર કવિશ્વર | સુરત | સ્વજનસ્મૃતિ | ૩જી જુલાઈ |
| ૧૨ | સ્વ. મણીભાઇ ખીમજીભાઇ પટેલ | મોડાસા | પુણ્યતિથી | આસો સુદ આઠમ |
| ૧૩ | સ્વ. શ્રી જગદીશકુમાર રમણલાલ શાહ | અમદાવાદ | પુણ્યતિથી | ૨૨મી ડીસેમ્બર |
| ૧૪ | સ્વ. નિલાબેન મહેન્દ્રભાઇ શાહ | શિકાગો | પુણ્યતિથી | ૧૩મી જુલાઈ |
| ૧૫ | સ્વ. પટેલ કોદરીબેન જયંતિલાલ પોપટલાલ | રમોસ | પુણ્યતિથી | ૧૭મી ડીસેમ્બર |
| ૧૬ | સ્વ. પ્રફુલભાઈ ચંદુલાલ પંડ્યા અને<br>સ્વ. ઇલાબેન પ્રફુલભાઈ પંડ્યા | વડોદરા | પુણ્યતિથી | ૧૯મી ઓગસ્ટ |

## હોસ્પિટલના રસોડા માટે પ્રાપ્ત થયેલ સામગ્રી

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી અમૃતભાઇ પશાભાઈ ચમાર | નવા | શાકભાજી |
| ૨ | શ્રી સંજયભાઇ લખાભાઇ પટેલ | નવા | અનાજ |
| ૩ | શ્રી મહેન્દ્રસિંહ ગંભીરસિંહ રહેવર | રણાસણ | અનાજ |
| ૪ | શ્રી ડાહ્યાભાઇ ધુળાભાઈ પટેલ | નવલપુર | અનાજ |
| ૫ | શ્રી વિઠ્ઠલભાઈ દેવશીભાઈ પટેલ | લહેરીપુરાકંમ્પા | અનાજ |
| ૬ | શ્રી કેશાભાઈ ધુળાભાઈ પટેલ | નવલપુર | અનાજ |
| ૭ | શ્રી નવીનભાઈ. બી. પટેલ | નવી શિણોલ | અનાજ |
| ૮ | શ્રીમતી કમળાબેન રેવાભાઈ પટેલ | અંતિસરા | અનાજ |
| ૯ | શ્રી રીતેષકુમાર મુળજીભાઈ પટેલ | રમોસ | અનાજ/શાકભાજી |
| ૧૦ | શ્રી ખેમાભાઇ રામાભાઇ પ્રજાપતિ | નવલપુર | અનાજ |
| ૧૧ | શ્રીમતી મધુબેન પોપટભાઈ પટેલ | લક્ષ્મીપુરાકંમ્પા | અનાજ |
| ૧૨ | શ્રી જયંતિભાઈ પોપટભાઈ પટેલ | રમોસ | અનાજ |
| ૧૩ | શ્રી ભીખાભાઇ દેવકરભાઈ પટેલ | રમોસ | અનાજ |
| ૧૪ | શ્રી બળવંતરાય માધવરાય ગોર | નવી શિણોલ | અનાજ |
| ૧૫ | શ્રી નારણભાઇ સોમજીભાઇ પટેલ | જસવંતપુરાકંમ્પા | અનાજ |
| ૧૬ | શ્રી પ્રકાશભાઈ ગોવિંદભાઇ પટેલ | નવલ પુર | અનાજ |
| ૧૭ | શ્રી તુલસીભાઈ રમણભાઈ પટેલ | રણાસણકંમ્પા | દૂધ |
| ૧૮ | નવી શિણોલ મહિલા મંડળ | નવી શિણોલ | અનાજ |
| ૧૯ | શ્રી કેશુભાઈ સવજીભાઇ પટેલ | જશવંતપુરાકંમ્પા | કઠોળ |
| ૨૦ | શ્રી મગનભાઇ પ્રેમજીભાઇ પટેલ | જશવંતપુરાકંમ્પા | અનાજ |
| ૨૧ | શ્રી અંબાલાલ પ્રેમજીભાઇ પટેલ | જશવંતપુરાકંમ્પા | અનાજ |
| ૨૨ | શ્રી સરદારસિંહ મથુરસિંહ પરમાર | નવા ખડોદા | અનાજ |
| ૨૩ | શ્રીમતી મંગુબેન ચીમનભાઈ પટેલ (કોઠારી) | વિરાવાડા | અનાજ |
| ૨૪ | શ્રી જગદીશભાઇ કાન્તિભાઈ પટેલ | રણાસણકંમ્પા | શાકભાજી |
| ૨૫ | શ્રી રાજુભાઇ શાહ (વાસણવાળા) | રણાસણ | બિસ્કીટ |
| ૨૬ | રામ ભરોસે | માઢવાકંમ્પા | અનાજ |
| ૨૭ | શ્રી ભરતભાઇ બાબુભાઇ પટેલ | માઢવાકંમ્પા | અનાજ |
| ૨૮ | શ્રી અરવિંદભાઇ સવજીભાઇ પટેલ | રણાસણકંમ્પા | અનાજ |

| | | | |
|---|---|---|---|
| ૨૯ | શ્રી અશોકભાઇ નારણભાઇ પટેલ | જશવંતપુરાકંમ્પા | શાકભાજી |
| ૩૦ | શ્રી મોહનભાઇ અરજણભાઇ પટેલ | વજીપુરાકંમ્પા | અનાજ |
| ૩૧ | શ્રી રૈનેષભાઇ કલશીભાઈ પરમાર | ગાંધીનગર | અનાજ |
| ૩૨ | શ્રી સરફરાજભાઇ અહમદભાઈ મનસુરી | રણાસણ | શાકભાજી |
| ૩૩ | શ્રી યોગેશકુમાર મણીલાલ જોષી | નવી શિણોલ | શાકભાજી |
| ૩૪ | શ્રી જયંતિભાઈ અરજણભાઇ પટેલ | માઢવાકંમ્પા | શાકભાજી |

અંજલિ હોસ્પિટલના રસોડા માટે અને અંજલિના સ્ટાફ માટે દરરોજ નું જરૂરી શાકભાજી મોકલવા માટે મોડાસાના **શ્રી જસવંતભાઈ શાહ (મીઠાવાલા)** નો આભાર માનીએ છીએ અને તેમની આ ભાવનાને બિરદાવીએ છીએ

## વસ્તુદાન

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી ભૂપેન્દ્રભાઈ શાહ - હીપોલીન | અમદાવાદ | વોશીંગ પાવડર |
| ૨ | ડેરીલ લાઈટીંગ પ્રા. લી. | વડોદરા | ઇલેકટ્રીક સામાન |
| ૩ | શ્રીમતી મંજરીબેન પરેશકુમાર શાહ | મુંબઈ | ફાઉલર બેડ |
| ૪ | સ્વ. સોમાભાઇ મગનભાઇ પટેલ ના સ્મરનાર્થે | | |
| | હસ્તે. શ્રી જસુભાઈ સોમાભાઇ પટેલ | | |
| | શ્રી હર્ષદભાઈ સોમાભાઇ પટેલ | બાયલ ઢાંખરોલ | વ્હીલચેર |
| ૫ | માનવ જ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ | મુંબઈ | દવાઓ |
| ૬ | શ્રી નરેશભાઇ એન. મહેતા | વડોદરા | દવાઓ |
| ૭ | ડો. રાજેશભાઈ પટેલ | અમદાવાદ | દવાઓ |
| ૮ | શ્રી પ્રકાશભાઇ અમૃતલાલ વોરા | મુંબઈ | રસોડાના વાસણ |
| ૯ | શ્રી કમલેશભાઇ શાહ | બહુચરાજી | રસોડાના વાસણ |
| ૧૦ | ડો. અપેક્ષાબેન કલ્પેશભાઇ શાહ | વડોદરા | રસોડાના વાસણ |

## સ્વૈચ્છિક યોગદાન

નીચેના પ્રતિષ્ઠિત નાગરિકો જેમણે સ્વૈચ્છિક સેવાઓ પૂરી પાડી તેમનો ઉલ્લેખ કરતાં ગર્વ અનુભવીએ છીએ.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ડો. કલ્પેશ શાહ | - | જનરલ સર્જન | વડોદરા |
| ૨ | ડો. હંસાબેન એડનવાલા | - | ઈ.એન.ટી. સર્જન | અમદાવાદ |
| ૩ | ડો. કિરણ પટેલ | - | જનરલ સર્જન | હિંમતનગર |
| ૪ | ડો. કંદર્પ પ્રજાપતિ | - | ગાયનેકોલોજીસ્ટ | મોડાસા |
| ૫ | ડો. જીજ્ઞેશ પટેલ | - | એનેસ્થેટીસ્ટ | હિંમતનગર |
| ૬ | ડો. દિનેશ પ્રજાપતિ | - | ગાયનેકોલોજીસ્ટ | હિંમતનગર |
| ૭ | શ્રી રમેશભાઈ એન. શાહ | - | ઉધોગપતિ | મુંબઈ |

## કાર્યકરો

સંસ્થાના કાર્યકરોની સંખ્યા (એપ્રિલ – ૧૭ પ્રમાણે)

| | સ્ત્રી | પુરુષ | કુલ |
|---|---|---|---|
| પૂર્ણ સમયના | ૨૬ | ૩૫ | ૬૧ |
| પાર્ટ ટાઈમ | ૦૦ | ૦૧ | ૦૧ |
| તાલીમાર્થી | ૦૧ | ૦૫ | ૦૬ |
| કુલ | **૨૭** | **૪૧** | **૬૮** |

કાર્યકરોનું પગારધોરણ મુજબ વર્ગીકરણ (એપ્રિલ – ૧૭ પ્રમાણે)( તાલીમાર્થી સિવાય)

| | | |
|---|---|---|
| રૂા. ૫૦૦૦૦ થી ઉપર | --- | ૦૬ |
| રૂા. ૨૦૦૦૧ થી ૫૦૦૦૦ | --- | ૦૭ |
| રૂા. ૧૫૦૦૧ થી ૨૦૦૦૦ | --- | ૦૩ |
| રૂા. ૧૦૦૦૧ થી ૧૫૦૦૦ | --- | ૧૮ |
| રૂા. ૮૫૦૦ થી ૧૦૦૦૦ | --- | ૨૮ |

સૌથી વધારે અને સૌથી ઓછુ વેતન મેળવતા ત્રણ કર્મચારીની વિગત (એપ્રિલ – ૧૭ પ્રમાણે)

| સૌથી વધારે | સૌથી ઓછુ |
|---|---|
| ૮૦૦૦૦ | ૮૫૦૦ |
| ૭૦૦૦૦ | ૮૭૩૦ |
| ૫૦૦૦૦ | ૮૭૭૦ |

**<u>ટ્રસ્ટની માહિતી :</u>**

| | | |
|---|---|---|
| સંસ્થાનું નામ | : | અંજલિ : સોસાયટી ફોર રૂરલ હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ |
| રજીસ્ટર્ડ ઓફીસ અને | | |
| પત્ર વ્યવહારનું સરનામું | : | પોસ્ટ : રણાસણ, તાલુકો: તલોદ- ૩૮૩૩૦૫, જી. સાબરકાંઠા, ગુજરાત. |
| ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર | : | એફ / ૨૯૬ / સાબરકાંઠા. તા. ૧૭-૦૫-૧૯૮૮ |
| સોસાયટી રજીસ્ટ્રેશન નંબર | : | ગુજરાત/૩૦૯/સાબરકાંઠા. તા. ૧૭-૦૫-૧૯૮૮ |
| આવકવેરા વિભાગ નોધણી નંબર | : | એચ કયુ બી / ૪૧ / ૮૮ સેક્શન ૧૨ (a) |
| ૮૦ જી (૫) કરમુક્તિ પત્ર ક્રમાંક નંબર | : | ડીઆઈટી (ઈ) /૮૦ જી (૫)/૧૪૩૨ |
| એફ.સી.આર.એ. રજીસ્ટ્રેશન નંબર | : | ૦૪૨૦૯૦૦૯૨ રીન્યુઅલ તારીખ: ૦૫-૦૮-૨૦૧૬ |
| એક્રેડિટેશન નંબર | : | CA / ૩૬ /૨૦૧૪ તા. ૦૩-૦૭-૨૦૧૯ સુધી માન્ય |

**<u>ટ્રસ્ટીઓ:</u>**

૧. શ્રીમતી અનિતા શાહ
૨. ડો. લલિત શાહ
૩. ડો. ડી. એમ. દવે
૪. ડો. આપેક્ષા શાહ
૫. શ્રી ભરત એન. શાહ
૬. શ્રી પંકજ વી. મોદી
૭. ડો. હસમુખ સી. શાહ
૮. શ્રી બંકિમ શેઠ
૯. ડો. પંકજ શાહ
૧૦. શ્રી ભરત એસ. શાહ

**<u>ટ્રસ્ટી મીટીંગ</u>**

| મીટીંગની તારીખ | ટ્રસ્ટીઓની સંખ્યા | હાજરી |
|---|---|---|
| ૧૭/૦૪/૨૦૧૬ | ૧૦ | ૧૦ |
| ૧૭/૦૭/૨૦૧૬ (AGM) | ૧૦ | ૧૦ |
| ૦૪/૦૨/૨૦૧૭ | ૧૦ | ૦૭ |

**<u>સંસ્થામાંથી પગાર મેળવતા ટ્રસ્ટીની સંખ્યા : ૨ (એપ્રિલ – ૧૭ પ્રમાણે)</u>**

૧) ડો. લલિત શાહ : ટ્રસ્ટી તેમના અંજલિ હોસ્પિટલના પૂર્ણ સમયના મેડીકલ ડાયરેક્ટરના કામના બદલામાં રૂ. ૧૫૦૦૦ /- પ્રતિ માસ.

૨) શ્રીમતી અનિતા શાહ : મેનેજીંગ ટ્રસ્ટી, તેમના સમુદાય આધારિત ગ્રામ વિકાસ કાર્યક્રમ (સીબીડીએ)ના પૂર્ણ સમયના ડાયરેક્ટરના કામના બદલામાં રૂ. ૩૧૫૩૦ /- પ્રતિ માસ.

મુસાફરી : રાષ્ટ્રીય અથવા આંતરાષ્ટ્રીય હવાઈ મુસાફરી કરનારની સંખ્યા : **શુન્ય**

વિકાસ એ જ જીવન અને સંકોચ એ જ મૃત્યુ
પ્રેમ એટલે વિકાસ અને સ્વાર્થ એટલે સંકોચ

- સ્વામી વિવેકાનંદ


Kitchen Gardening/બચત મંડળની બેનોને અપાયેલ બીયારણનું શાક


8th March Rally / ૮મી માર્ચ કાર્યક્રમ ઉજવણીની રેલી


House by Loan from Saving Group/ધિરાણ થકી ઘર બંધાયું


Adolescent Girls Enjoying/ કિશોરી ધ્વારા રંગોળી કામ

## અંજલિ

**સોસાયટી ફોર રૂરલ હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ**


રણાસણ, તાલુકો : તલોદ-૩૮૩૩૦૫, જીલ્લો : સાબરકાંઠા, ગુજરાત
ફોન : (૦૨૭૭૦)૨૮૨૦૩૪, ૨૮૨૧૩૫
e-mail : anjalisrhd@yahoo.com, web: www.anjaliruralhealth.org.in